# સંસારની રમતનો શ્રેષ્ઠ અમ્પાયર- પ્રભુ-ઈશ્વર..

જ્ઞાનામૃત
બ્રહ્માકુમાર અનિલ

જિંદગી રમતનું મેદાન છે અને આપણે સૌ વિવિધ ખેલો રમનારા ખેલાડીઓ છીએ. જીવનના ખેલમાં ક્યારેક આપણે રમતનો રંગ રાખીએ છીએ તો ક્યારેક રકાસ પણ કરીએ છીએ. સંસારના મેદાનમાં પ્રવેશ કરનાર સૌ ખેલાડીઓએ વત્તા-ઓછા સમય માટે રમત તો રમવી જ પડે છે. હોકીનો ખેલાડી સ્ટીકને પકડીને ખાલી ઊભો રહે તે ના ચાલે. કોઈકે તો રમત ચાલુ રાખવાની જ છે. જીવનની રમતમાં આપણે સૌ ખેલાડીઓ સંસારરૂપી મેદાનમાં કર્મ કરતાં કરતાં રમત પણ રમી લઈએ છીએ. રમત આવે એટલે અમ્પાયર પણ આવે જ. ક્રિકેટની રમતના નિર્ણાયકને અમ્પાયર કહીએ છીએ. આ સંસારની રમતના અમ્પાયરને પણ આપણે ઈશ્વર કહીએ છીએ.

ક્રિકેટ અને વિશ્વના અમ્પાયર વચ્ચે ભેદ એ છે કે ક્રિકેટના અમ્પાયરથી નિર્ણય કરવામાં ભૂલ થવાની સંભાવના છે જ્યારે બ્રહ્માંડના અમ્પાયરથી એવી કોઈ ભૂલ થવાની શક્યતા જ નથી. માનવી અને ઈશ્વર વચ્ચેનું આ મોટું અંતર છે. ક્રિકેટના અમ્પાયરને નિર્ણય કોઈ પક્ષના રમતવીરોને માન્ય ન હોય તો તેઓ ક્યારેક અમ્પાયરને મારવા ધસી જાય છે, તેવી જ રીતે જ્યારે આપણું ધાર્યું થતું નથી, અને વિપરીત પરિણામ આવે છે ત્યારે આપણે આપણો ગુસ્સો સંસારના અમ્પાયર ઈશ્વર પર ઢોળીએ છીએ અને ત્યારે કહીએ છીએ કે આ જગતમાં ઈશ્વર છે જ ક્યાં? એનું અસ્તિત્વ જ નથી. પણ હકીકતમાં તો આપણી અપેક્ષાનો પડઘો પડ્યો નથી તેનું આ પરિણામ છે.

આપણે સૌ જાણીએ છીએ કે સમસ્ત જગતનો ખેલ જોનારો એક એવો અમ્પાયર છે જે આપણને જોઈ શકે છે પણ આપણે તેને જોઈ શકતા નથી. સત્યમ્ શિવમ્ સુંદરમ્ પરમાત્મા શિવ એક એવો અમ્પાયર છે જે આપણને શ્રેષ્ઠ દૃષ્ટાંત પૂરું પાડે છે એ તો જેનું જેટલું છે તેટલું જ તેને આપે છે. કોમ્પ્યુટર કરતાં પણ અનેક ગણી ઝડપથી તે આપણા જીવનનો અને કર્મનો હિસાબ કર્યા કરે છે અને છતાં પણ તેમાં જરાક પણ ભૂલ આવતી નથી. તે કોઈની લાલ આંખથી ડરતો પણ નથી, તેમ કોઈના જૂઠા સ્મિતથી ભરમાતો પણ નથી. સર્જન અને વિસર્જનથી માંડીને તેના અનેક નિયમો આજે પણ બદલાયા નથી.



જીવનના ખેલમાં સંસારરૂપી મેદાનમાં આપણે સૌ ખેલાડીઓનો ખેલ દિલી વગરનો ખેલ નકામો છે. જે ખેલદિલ નથી તે ખેલાડી નથી. રમતમાં હાર જીત તો આવ્યા જ કરે. એકાગ્રતા વગર રમતનું પાસું જીતમાં પલટાવવાનું અશક્ય છે ખેલાડીની નિર્ણાયાત્મક શક્તિ તેમાં અગત્યનો ભાગ ભજવે છે. ફૂટબોલનો ખેલાડી સારી રીતે જાણે છે કે બાજીને હાથમાંથી સરી જતી બચાવવા ઘણી વાર આક્રમક થવું પડે છે. તો ક્યારેક નવી દિશા પણ લેવી પડે છે. રમતના મેદાનમાં જેમ રમી જવું સરળ નથી તેમ જિંદગીના મેદાનમાં જીતી જવું પણ સહજ નથી.

જીવનનાં ખેલમાં આપણે માનવીઓ આપણા સ્વાર્થ પ્રમાણે, આપણી સગવડ પ્રમાણે નિયમો અને આદર્શોની વ્યાખ્યામાં ફેરફાર કરતાં જ રહીએ છીએ પછી આપણી ક્રિકેટનો અમ્પાયર કદાચ ભૂલ કરી બેસે કે ખોટો નિર્ણય આપી બેસે તો એમાં એનો શો દોષ? કોઈક સમયે, કોઈક બાબતમાં આપણે અમ્પાયરની ફરજ બજાવવાની આવે છે અને ત્યારે આપણે આપણી જાતને પૂછવાનું રહે છે કે આપણો નિર્ણય સત્યની ધરી પરથી ખસીને તો આપતાં નથી ને? આપણે આપણો નિર્ણય કોઈની શેહમાં આવીને તો આપતાં નથી ને?

> માનવી અને ઈશ્વર વચ્ચેનું આ મોટું અંતર છે. ક્રિકેટના અમ્પાયરનો નિર્ણય કોઈ પક્ષના રમતવીરોને માન્ય ન હોય તો તેઓ ક્યારેક અમ્પાયરને મારવા ધસી જાય છે

આપણે કોઈને અન્યાય તો કરતાં નથી ને?

જો આપણે જીવનનાં ખેલમાં અમ્પાયરની ભૂમિકા બજાવતાં સાચો નિર્ણય આપવો હોય તો આપણો નિર્ણય વિશ્વ નિયંતા અમ્પાયર જેવો શ્રેષ્ઠ હોવો જોઈએ. એવો નિર્ણય ત્યારે જ આપી શકીએ જ્યારે આપણે વિશ્વનિયંતા પરમાત્માનાં આદર્શોને તેના ઈશ્વરીય જ્ઞાનને જીવનમાં ધારણ કરતા બુધ્ધિવાનોના બુદ્ધિવાન પ્રભુ સાથે આપણી મન-બુધ્ધિને સતત સત્સંગના તારથી જોડેલો રાખતા હોઈએ. ત્યારે જ આપણે સંસારના મેદાનમાં સાચો શ્રેષ્ઠ, ન્યાયી, નિર્ણય આપી શકીએ. મિત્રો ચાલો, આપણે એવી ઉમદા જીવનની રમત રમીએ અને જેમાં વિજયી પણ બનીએ. વિજયી બનવાની પ્રેરણા આપણા સ્નેહી જનોને પણ આપતા રહીએ એજ શુભકામના સાથે ઓમ શાંતિ....

# અશાંત યુગમાં શાંતિની શોધયાત્રા

જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ ગીતા
સાધુ જ્ઞાનાનંદદાસ

બુદ્ધિયોગની વાત કરીને હવે ભગવાન કૃષ્ણ શાંતિનું મૂળ શરણાગતિ બતાવે છે.

આજનો માણસ કદાચ ઇતિહાસમાં સૌથી વધુ સુવિધાઓ ધરાવે છે પણ સૌથી વધુ બેચેન પણ છે. ઘડિયાળ પહેલાં માણસને ચલાવતી હતી, હવે માણસ ઘડિયાળનો કેદી બની ગયો છે. મોબાઇલ હાથમાં છે પણ મન હાથમાંથી સરકી ગયું છે. માહિતીની ભરમાર છે પણ અંતરમાં જ્ઞાનનો અભાવ છે.

અહીંથી પ્રશ્ન ઊભો થાય છે, શું આપણે વિકાસ કર્યો છે કે માત્ર ઝડપ વધારી છે? આધુનિકતા આપણને સુવિધા આપે છે પરંતુ સુખ નહીં કારણ કે સુખનું મૂળ બહાર નથી, અંદર છે. આજે માણસ બહારના અવાજોથી ઘેરાયો છેઃ સોશ્યલ મીડિયા, સમાચાર, સ્પર્ધા, અપેક્ષાઓ દરેક ક્ષણે કોઈક આપણને કહે છે કે આપણે પૂરતા નથી અને આ સતત દોડમાં સ્વ માટે સમય મળતો નથી અને મન થાકતું જાય છે.

એક વ્યાપારી સતત કામમાં વ્યસ્ત રહેતો. દિવસ-રાત કમાણી, મીટિંગ્સ, ફોન... એક દિવસ તેણે પોતાના બાળકને પૂછ્યું, "તને શું જોઈએ?"બાળક બોલ્યું, "પપ્પા, મને તમારો સમય જોઈએ." તે ક્ષણે તેને સમજાયું કે તે જીવન જીવી રહ્યો નહોતો, જીવનની પાછળ છોડી દોડતો હતો.

પણ શાંતિ એટલે દોડમાંથી ભાગી જવું નહીં; શાંતિ એટલે દોડની વચ્ચે પોતાની અંદરની સ્થિરતા શોધવી. સમુદ્રની સપાટી પર તરંગો હોય છે પરંતુ ઊંડાણમાં નીરવતા હોય છે. જીવન પણ એવું જ છે. બહાર ઊથલપાથલ હોય તો ચાલે, અંદર શાંત સરોવર હોવું જોઈએ.

આજના સમયમાં આપણે બધું ઝડપથી મેળવવા માંગીએ છીએ. ફાસ્ટ ફૂડ, ફાસ્ટ ઇન્ટરનેટ, ફાસ્ટ સફળતા પણ શાંતિ 'ફાસ્ટ' નથી. તે ધીમે ધીમે ઊગતી કળી છે, જેમ બીજ જમીનમાં વાવ્યાં પછી ઘણા સમય બાદ વૃક્ષ બને છે. આધુનિક માણસને સૌથી વધુ જરૂર છે થોભવાની. થોડી ક્ષણો માટે સ્ક્રીન બંધ કરીને પોતાના શ્વાસ સાથે જોડાવાની. થોડી ક્ષણો માટે પોતાના મનને સાંભળવાની



કારણ કે બહારની દુનિયા જેટલી મોટી લાગે છે, અંદરની દુનિયા એટલી જ વિશાળ છે.

હા, માણસ બહાર શાંતિ શોધે છે, પ્રવાસમાં, સંપત્તિમાં, પ્રતિષ્ઠામાં પરંતુ શાંતિ કોઈ સ્થાન નથી; તે એક સ્થિતિ છે. જેમ તરસેલા માણસને દરિયો પીવાથી તરસ શમતી નથી તેમ વિષયોના અતિરેકથી મન શાંત થતું નથી. ઉપનિષદો કહે છે 'આત્માની શાંતિ શબ્દોમાં નહીં', અનુભૂતિમાં મળે છે.

ભગવદ્ ગીતા આ અશાંત મન માટે અદભુત માર્ગદર્શન આપે છે.

અર્જુનના રૂપમાં આખું માનવવૃંદ ઊભું છે, મૂંઝાયેલું, ડરેલું, નિર્ણયવિહીન અને શ્રીકૃષ્ણનો ઉત્તર છે- શરણાગતિ. આનાથી પરમ શાંતિની ગેરંટી ભગવાન આપે છે. હા, આ શરણાગતિ અનન્ય હોવી જોઈએ. આ માત્ર શ્લોક નથી; જીવનનું અંતિમ તત્ત્વ છે. જ્યારે માણસ પોતાના અહંકારનો ભાર ભગવાનના ચરણોમાં મૂકે છે ત્યારે જ મન હળવું થાય છે.

શરણાગતિ એટલે પરાજય નહીં; તે સર્વોચ્ચ વિજય છે. દુનિયા શીખવે છે, નિયંત્રણ રાખો, બધું પોતે સંભાળો. ગીતા શીખવે છે, નિયંત્રણ છોડો, ભગવાનને સંભાળવા દો. આ વિપરીત લાગતું તત્ત્વ જ આંતરિક મુક્તિનું દ્વાર છે. એક નદી પર્વતોમાં ગર્જે છે, ખડકો સાથે અથડાય છે પરંતુ જ્યારે તે સમુદ્રમાં સમર્પિત થાય છે ત્યારે તેની ગર્જના મૌનમાં પરિવર્તિત થાય છે. માણસ પણ એવો જ છે. જ્યાં સુધી 'હું'નો ભાર છે, ત્યાં સુધી ઊથલપાથલ છે; જ્યાં 'તું' ભગવાન આવે છે, ત્યાં શાંતિ જન્મે છે.

વસ્તુતઃ શાંતિ કોઈ તકનિકી નથી; તે સંબંધ છે, ભગવાન સાથેનો. જ્યારે જીવ સમજશે કે હું એકલો નથી, મારી પાછળ દૈવી શક્તિ છે ત્યારે ભય ઓગળી જાય છે અને જ્યાં ભય ઓગળે છે, ત્યાં શાંતિ જન્મે છે. મહંત સ્વામી મહારાજ સમજાવે છે કે 'શાંતિ કોઈ સિદ્ધિ નથી; તે સમર્પણ છે. આ સમર્પણ અને શરણાગતિમાં જ મુક્તિ છે.'

> આધુનિકતા આપણને સુવિધા આપે છે પરંતુ સુખ નહીં કારણ કે સુખનું મૂળ બહાર નથી, અંદર છે

આ અશાંત યુગમાં કદાચ બહારની દુનિયા બદલાશે નહીં પરંતુ જો માણસ પોતાના હૃદયમાં ભગવાનને સ્થાન આપશે તો અશાંતિના વાવાઝોડામાં પણ અંદર એક દીવો સતત પ્રગટતો રહેશે, શાંતિનો દીવો.

આપણે એ પ્રશ્ન છોડવો પડશે કે દુનિયા અશાંત કેમ છે; પ્રશ્ન એ કરો કે હું મારી અંદર શાંતિ કેવી રીતે જાળવી શકું?

કારણ કે એક શાંત મન હજાર અશાંત મનોથી વધુ શક્તિશાળી હોય છે. પોતે શાંત તો દુનિયા શાંત થઈ જશે. આજનો યુગ બહારના અવાજોથી ભરેલો છે પરંતુ શાંતિનો સ્વર અંદરથી જ સંભળાય છે. હૃદયમાં બેઠેલા શાંતિદાતા પ્રભુને સાંભળો તો ખરા!